સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 04

[JAN - 2020]
[19/01/20 to 25/01/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



ICE CURRENT NEWS
WEEK 04
વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


## CURRENT TOPICS

- શું ઈન્ટરનેટનો ઉપયોગ એ મૂળભૂત અધિકાર છે?
- ભારત દ્વારા પરમાણુ મિસાઈલ K-4નું સફળ પરીક્ષણ
- ભારતમાં ગોલ્ડ જ્વેલરી માટે હોલમાર્કિંગ ફરજિયાત
- સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2020
- ગુજરાતમાં દાહોદ ખાતેથી રાજ્ય વ્યાપી પોષણ અભિયાનનો પ્રારંભ
- Corruption Perceptions Index 2019માં ભારત 80મા ક્રમે


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 19 JANUARY, 2020 SUNDAY

### ➤ શું ઈન્ટરનેટનો ઉપયોગ એ મૂળભૂત અધિકાર છે?




10 જાન્યુઆરી, 2020ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટે ઈન્ટરનેટ પર પ્રતિબંધ અને ઈન્ટરનેટના ઉપયોગ અંગે ખૂબ જ મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો.

- **આ ચુકાદાના મહત્ત્વના સૂચિતાર્થો** આ પ્રમાણે છે :
- આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યા અનુસાર ઈન્ટરનેટ દ્વારા વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તથા ઈન્ટરનેટ દ્વારા ધંધો, વ્યવસાય કે વ્યાપાર કરવો એ **મૂળભૂત અધિકાર**નો એક ભાગ છે.
- આનો અર્થ એ નથી કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવો એ મૂળભૂત અધિકાર છે.
- પરંતુ ભારતના બંધારણના **અનુચ્છેદ 19(1)(a)**માં ભારતના તમામ નાગરિકોને **વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા**નો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો છે.
- આથી, સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર ભારતીય બંધારણના **અનુચ્છેદ 19(1)(a)** અંતર્ગત **ઈન્ટરનેટ દ્વારા વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા** એ મૂળભૂત અધિકારનો એક ભાગ છે.
- આ ઉપરાંત ભારતના બંધારણના **અનુચ્છેદ 19(1)(g)**માં ભારતના તમામ નાગરિકોને **વ્યવસાય, વ્યાપાર કે ધંધો કરવાનો મૂળભૂત અધિકાર** આપવામાં આવ્યો છે.
- આથી, સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર ભારતીય બંધારણના **અનુચ્છેદ 19(1)(g)** અંતર્ગત **ઈન્ટરનેટ દ્વારા ધંધો, વ્યવસાય કે વ્યાપાર કરવો** એ મૂળભૂત અધિકારનો એક ભાગ છે.
- આમ ઈન્ટરનેટ દ્વારા વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તથા ઈન્ટરનેટ દ્વારા ધંધો, વ્યવસાય કે વ્યાપારને ભારતીય બંધારણના અનુચ્છેદ 19(1)(a) તથા 19(1)(g) અંતર્ગત આપવામાં આવેલા મૂળભૂત અધિકાર અનુસાર સુપ્રીમ કોર્ટ દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## શું ઈન્ટરનેટ પર પ્રતિબંધ મૂકવો ગેરકાયદેસર છે ?



એ ખરું કે ઈન્ટરનેટ દ્વારા વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તથા ઈન્ટરનેટ દ્વારા ધંધો, વ્યવસાય, વ્યાપાર કરવો એ મૂળભૂત અધિકારનો એક ભાગ છે, આમ છતાં સરકાર જરૂર પડ્યે ઈન્ટરનેટ પર પ્રતિબંધ મૂકી શકે છે.

- સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર ભારતીય બંધારણના **અનુચ્છેદ 19(2) તથા 19(6)** હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને તેમજ આ અનુચ્છેદની જોગવાઈને અનુરૂપ **દેશના સાર્વભૌમત્વ અને અખંડતા, દેશની સલામતી અને સુરક્ષા, જાહેર વ્યવસ્થા તથા શિષ્ટતા કે નીતિમત્તાના હિતમાં** વગેરે જેવી બાબતોમાં સરકાર ઈન્ટરનેટ પર પ્રતિબંધ મૂકી શકે છે.
- જોકે, આ પ્રતિબંધ અથવા તો નિયંત્રણ ભારતીય બંધારણના **અનુચ્છેદ 19(2) તથા 19(6)**ની જોગવાઈને **સુસંગત** તથા **'પ્રમાણતાની કસોટી' (Test of Proportionality)** પર ખરા ઉતરે એવા હોવા જોઈએ.
- એટલે કે સરકાર મનફાવે તેમ કોઈપણ સંજોગોમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધ ન મૂકી શકે. પરંતુ ભારતીય બંધારણના **અનુચ્છેદ 19(2) તથા 19(6)** અંતર્ગતની સ્થિતિમાં દેશહિત તથા આમ જનતાના હિત માટે સરકાર આવા નિયંત્રણો લાદી શકે છે.
- પરંતુ, આવા નિર્ણયો 'પ્રમાણતાની કસોટી' પર ખરા ઉતરે એવા હોવા જોઈએ. એટલે કે સરકારના આવા નિર્ણયને જો કોર્ટમાં પડકારવામાં આવે તો તેની યોગ્યતા સાબિત કરવા માટે સરકાર સમર્થ હોવી જોઈએ.

## ભારતના કયા કાયદાને આધારે ઈન્ટરનેટ પર પ્રતિબંધ લાદવામાં આવે છે ?

ભારતમાં મુખ્યત્વે **3 કાયદાઓ**ને આધારે ઈન્ટરનેટ પર પ્રતિબંધ લાદવામાં આવે છે:

(1) CrPCની કલમ 144

(2) ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ અને

(3) ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, 1885 હેઠળના 'Temporary Suspension of Telecom Services (Public Emergency or Public Safety) Rules, 2017'

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**આ એક્ટ અંગે સુપ્રીમ કોર્ટના મહત્ત્વના અવલોકનો આ પ્રમાણે છે :**

- જ્યારે **CrPCની કલમ 144** હેઠળ ઈન્ટરનેટ કે ટેલિકોમ સેવા પર પ્રતિબંધ લાદવામાં આવે ત્યારે આવો આદેશ **મૌખિક સૂચના** સ્વરૂપે ન હોવો જોઈએ, પરંતુ તે **યોગ્ય અધિકારી દ્વારા લેખિત સ્વરૂપે** જાહેર કરવો જરૂરી છે. જેથી આવા આદેશને અસરગ્રસ્ત લોકો ન્યાયાલયમાં પડકારી શકે.
- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર જ્યારે **'Temporary Suspension of Telecom Services (Public Emergency or Public Safety) Rules, 2017'** અંતર્ગત જો ઈન્ટરનેટ સહિતની ટેલિકોમ સેવાઓ પર નિયંત્રણો લાદવામાં આવે તો તે પ્રતિબંધોની **ન્યાયિક સમીક્ષા થઈ શકશે.** એટલે કે આવા આદેશોને કોર્ટમાં પડકારી શકાશે.
- તેમજ ઉપરોક્ત **Suspension Rules** હેઠળ ફક્ત **અલ્પકાલીન કે હંગામી** સમય માટે જ આ પ્રતિબંધો લાદી શકાય છે, અનિયત સમય સુધી નહિ.
- જોકે આ Suspension Rulesમાં ચોક્કસ કેટલા સમય સુધી આવા નિયંત્રણો લાદી શકાય તેનો કોઈ ઉલ્લેખ નથી. આથી, સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં આવા આદેશોની **દર સાત દિવસે** પુનઃસમીક્ષા કરવાનું સૂચન કર્યું છે.

## કયા કેસના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદો આપ્યો છે?

ભારતમાં અનુચ્છેદ 370ની નાબૂદી બાદ ઉદ્ભવેલી પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે **5 ઓગસ્ટ, 2019**થી **જમ્મુ કાશ્મીર**માં ઈન્ટરનેટ સહિતની ટેલિકોમ સેવાઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

- જે વિશ્વના કોઈપણ લોકશાહી દેશમાં અત્યાર સુધી લાદવામાં આવેલો **સૌથી લાંબો પ્રતિબંધ** હતો.
- આથી, સરકારના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.
- પરિણામે, **'અનુરાધા ભસીન વિરુદ્ધ ભારતીય સંઘ અને અન્ય'** તથા **'ગુલામ નબી આઝાદ વિરુદ્ધ ભારતીય સંઘ'**ના કેસમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો છે.
- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરમાં બેન્કિંગ, હોસ્પિટલ તેમજ શિક્ષણ સંસ્થાઓ જેવી જરૂરી સેવાઓ આપતી સંસ્થાઓમાં ઈન્ટરનેટ સેવા શરૂ કરવાનો કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો.

## સુપ્રીમ કોર્ટની કઈ બેન્ચે આ ચુકાદો આપ્યો છે ?

- સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ **જસ્ટિસ એન.વી. રમણ**ના નેતૃત્વવાળી **ત્રણ સભ્યો**ની **સુપ્રીમ કોર્ટ**ની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો.
- આ બેન્ચના ત્રણ સભ્યોમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે.

  (1) જસ્ટિસ એન.વી. રમણ (અધ્યક્ષ) (2) જસ્ટિસ બી.આર. ગવઈ (3) જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી

## ઈન્ટરનેટ પર પ્રતિબંધ અંગે કેરળ હાઈકોર્ટનો ચુકાદો

- 19 સપ્ટેમ્બર, 2019ના રોજ **કેરળ હાઈકોર્ટે** એક મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે, **ઈન્ટરનેટ દ્વારા શિક્ષણ મેળવવું** એ ભારતીય બંધારણના **અનુચ્છેદ 21** હેઠળ આવતા **'શિક્ષણના અધિકાર'**નો એક ભાગ છે.
- આ ઉપરાંત ઈન્ટરનેટનો યોગ્ય ઉપયોગ એ મૂળભૂત અધિકારોનો એક ભાગ હોવાથી તેને નિયમહીન રીતે છીનવી શકાય નહિ.
- **'ફહિમી શિરિન વિરુદ્ધ કેરળ રાજ્ય'** કેસમાં કેરળ હાઈકોર્ટના **જસ્ટિસ પી. વી. આશા** દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો.

## સંયુક્ત રાષ્ટ્ર અને ઈન્ટરનેટ

- વર્ષ **2016**માં **સંયુક્ત રાષ્ટ્ર** દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, **'ઈન્ટરનેટનો વપરાશ એ મૂળભૂત માનવ અધિકાર'** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યા અનુસાર ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતા એ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ મૂળભૂત અધિકારનો એક ભાગ છે ?
   (A) અનુચ્છેદ - 19(1)(a) (B) અનુચ્છેદ - 19(1)(b)
   (C) અનુચ્છેદ - 19(1)(c) (D) અનુચ્છેદ - 19(1)(d)
   **(A)**

2. સુપ્રીમ કોર્ટની કોની અધ્યક્ષતામાં રચાયેલી બેન્ચે તાજેતરમાં એક ચુકાદામાં જણાવ્યું છે કે ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતા એ ભારતીય બંધારણના અનુચ્છેદ - 19(1)(a) હેઠળ મૂળભૂત અધિકારનો એક ભાગ છે ?
   (A) જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ (B) જસ્ટિસ એન. વી. રમણ
   (C) જસ્ટિસ બી. આર. ગવઈ (D) જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી
   **(B)**

3. ભારતીય બંધારણના અનુચ્છેદ - 19(1)(a)માં કયા મૂળભૂત અધિકારની જોગવાઈ કરવામાં આવી છે ?
   (A) મિલકત ધારણ કરવાનો
   (B) ભારતમાં ગમે ત્યાં મુક્તપણે હરવા ફરવાનો
   (C) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો
   (D) મુક્તપણે વેપાર, ધંધો, કામકાજ કરવાનો
   **(C)**

4. સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર ઈન્ટરનેટ દ્વારા ધંધો, વ્યવસાય કે વ્યાપાર કરવો એ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ મૂળભૂત અધિકારનો એક ભાગ છે ?
   (A) અનુચ્છેદ 19(1)(d)
   (B) અનુચ્છેદ 19(1)(e)
   (C) અનુચ્છેદ 19(1)(f)
   (D) અનુચ્છેદ 19(1)(g)
   **(D)**

5. ભારતીય બંધારણના અનુચ્છેદ 19(1)(g)માં કયા મૂળભૂત અધિકારની જોગવાઈ કરવામાં આવી છે ?
   (A) મિલકત ધારણ કરવાનો
   (B) મુક્તપણે વેપાર, ધંધો, કામકાજ કરવાનો
   (C) ભારતમાં ગમે ત્યાં હરવા ફરવાનો
   (D) શિક્ષણ મેળવવાનો
   **(B)**

6. સુપ્રીમ કોર્ટની કેટલા સભ્યોની બેન્ચે ઈન્ટરનેટ દ્વારા ધંધો, વ્યવસાય કે વ્યાપારને મૂળભૂત અધિકારનો એક ભાગ ગણાવ્યો છે ?
   (A) 3
   (B) 5
   (C) 7
   (D) ત્રણમાંથી કોઈ નહિ
   **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


જગાડવા આવ્યા છીએ, જાગો છો ?
તમે તો સરકારી કર્મયોગી લાગો છો

સ્પર્ધાત્મક પરીક્ષાના સમરાંગણમાં વિજેતા એ જ બને છે,
જે કોઈપણ સમયે પરીક્ષા માટે તૈયાર હોય...



9/2/2020
રવિવાર
3:30 PM

હિંમતનગરમાં
ફ્રી સેમિનાર

સ્થળ : ડો. નલિનકાંત ગાંધી ટાઉનહોલ, ઈડર હાઈવે રોડ, હિંમતનગર

GPSC 1/2, STI, PI, PSI/ASI/CONSTABLE, ATDO, તલાટી, જૂ. ક્લાર્ક
બિનસચિવાલય ક્લાર્ક, Dy. SO/Dy. MAMLATDAR વગેરે...
તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે

ફ્રી રજીસ્ટ્રેશન માટે : 81407 - 01110

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## 20 JANUARY, 2020 MONDAY

### ➤ ભારત દ્વારા પરમાણુ મિસાઈલ K-4નું સફળ પરીક્ષણ




19 જાન્યુઆરી, 2020ના રોજ ભારતમાં **પરમાણુ મિસાઈલ K-4**નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં **આંધ્રપ્રદેશ**ના **સમુદ્ર તટે**થી સમુદ્રમાં રાખવામાં આવેલા **અંડરવોટર પ્લેટફોર્મ** પરથી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- **DRDO** દ્વારા વિકસાવવામાં આવેલી આ મિસાઈલની મારક ક્ષમતા **3500 કિમી** સુધીની છે.
- સબમરીન દ્વારા સમુદ્રમાંથી પરમાણુ હુમલો કરવા માટે આ મિસાઈલ ખૂબ જ અગત્યની છે.
- ભારતની **INS અરિહંત ક્લાસ**ની **સબમરીન** પર આ મિસાઈલોને તહેનાત કરવામાં આવશે.

**નોંધ :** (1) **DRDO**નું પૂરું નામ **Defence Research and Development Organisation** છે.

(2) **અરિહંત** ભારતની **પ્રથમ** સ્વદેશી **પરમાણુ સબમરીન** છે.

### ➤ શ્રી સાંઈ જન્મભૂમિ વિવાદ : શ્રી સાંઈબાબાનો જન્મ શિરડીમાં થયો હતો કે પાથરીમાં?



તાજેતરમાં **મહારાષ્ટ્ર**ના મુખ્યમંત્રી **શ્રી ઉદ્ધવ ઠાકરે**એ મહારાષ્ટ્રમાં **શ્રી સાંઈબાબાના જન્મસ્થળ**ના વિકાસ માટે **રૂ. 100 કરોડ**ના પેકેજની જાહેરાત કરી હતી.

- જોકે તેમણે મહારાષ્ટ્રના **શિરડી** માટે નહિ, પરંતુ મહારાષ્ટ્રના **પાથરી**ને શ્રી સાંઈબાબાનું જન્મસ્થળ ગણાવીને **પાથરી** માટે આ રૂ. 100 કરોડના પેકેજની જાહેરાત કરી હતી.
- મહારાષ્ટ્રમાં **શિરડી**ના લોકોએ સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. તેમના મતે શ્રી સાંઈબાબાનો જન્મ શિરડીમાં જ થયો હતો.
- આથી, મહારાષ્ટ્રમાં શ્રી સાંઈબાબાના જન્મસ્થળ અંગે વિવાદ સર્જાયો હતો.
- જોકે, ખરી હકીકત એ છે કે 15 ઓક્ટોબર 1918ના રોજ **મહારાષ્ટ્ર**ના **શિરડી** ખાતે **શ્રી સાંઈબાબા**એ **અંતિમ શ્વાસ** લીધા હતા.
- જોકે, તેમના જન્મસ્થળ અંગે ચોક્કસ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.
- આથી આ વિવાદ સર્જાયો હતો.

**નોંધ :** (1) **શ્રી સાંઈબાબાનું સમાધિ મંદિર** મહારાષ્ટ્રના **શિરડી** ખાતે આવેલું છે.

(2) **શિરડી** મહારાષ્ટ્રના **અહેમદનગર** જિલ્લાના **રહાતા** તાલુકામાં આવેલું છે.

(3) જ્યારે **પાથરી** મહારાષ્ટ્રના **પરભણી** જિલ્લામાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતમાં લદાખના હાનલે પાસે 45 મીટર ઉંચા સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના

ભારતમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના હાનલે પાસે 45 મીટર ઉંચા એક સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના કરવામાં આવી છે.

- ભારતમાં ભારતની અન્ય સંસ્થાઓના સહયોગથી ભાભા અણુ સંશોધન કેન્દ્ર (Bhabha Atomic Research Centre - BARC) ખાતે આ ટેલિસ્કોપ તૈયાર કરવામાં આવ્યું હતું.
- આ ટેલિસ્કોપ ગામા-રે અને અંતરીક્ષની અન્ય બાબતોના સંશોધન તેમજ અંતરીક્ષની તસવીરો લેવા માટે ઉપયોગી થશે.
- આ ટેલિસ્કોપ વડે અંતરીક્ષમાં 10 લાખ પ્રકાશ વર્ષ દૂર સુધી જોઈ શકાશે.



## ICE Questions

1. 19 જાન્યુઆરી 2020ના રોજ ભારતે પરમાણુ ક્ષમતા ધરાવતી કઈ મિસાઈલનું અંડરવોટર પ્લેટફોર્મ પરથી સફળ પરીક્ષણ કર્યું છે ?
   (A) પૃથ્વી-3 (B) અગ્નિ-4 (C) K-3 (D) K-4 **(D)**
2. ભારતે કયા સમુદ્ર તટેથી K-4 નામની પરમાણુ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે ?
   (A) કેરળ (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) ઓડિશા **(C)**
3. K-4 મિસાઈલની મારક ક્ષમતા કેટલા કિલોમીટર સુધીની છે ?
   (A) 1500 (B) 2500 (C) 3500 (D) 4500 **(C)**
4. ભારતે K-4 મિસાઈલનું તાજેતરમાં સફળ પરીક્ષણ કર્યું છે... આ મિસાઈલને ભારતની કયા ક્લાસની સબમરીન પર તહેનાત કરવામાં આવશે ?
   (A) INS અરિહંત (B) INS કલવરી (C) INS ચક્ર (D) INS વેલા **(A)**
5. શ્રી સાંઈબાબાનો જન્મ કયાં થયો હતો ?
   (A) શિરડી (B) પાથરી
   (C) નાસિક (D) તેમના જન્મસ્થળ વિશે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી **(D)**
6. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરે શ્રી સાંઈબાબાના જન્મસ્થળ તરીકે કયા ગામના વિકાસ માટે રૂ. 100 કરોડના પેકેજની જાહેરાત કરતા વિવાદ સર્જાયો હતો ?
   (A) શિરડી (B) નાસિક (C) પાથરી (D) ત્ર્યંબક **(C)**
7. તાજેતરમાં ચર્ચામાં રહેલ પાથરી મહારાષ્ટ્રના કયા જિલ્લામાં આવેલું છે ?
   (A) અમરાવતી (B) લાતુર (C) પરભણી (D) હિંગોલી **(C)**
8. શિરડી મહારાષ્ટ્રના કયા જિલ્લામાં આવેલું છે ?
   (A) અમરાવતી (B) અકોલા (C) ઔરંગાબાદ (D) અહમદનગર **(D)**
9. ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશમાં 45 મીટર ઉંચા સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના કરવામાં આવી છે ?
   (A) જમ્મુ કાશ્મીર (B) લદાખ (C) હિમાચલપ્રદેશ (D) ગોવા **(B)**
10. ભારતના કયા સ્થળે 45 મીટર ઉંચા સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના કરવામાં આવી છે ?
   (A) લેહ (B) કારગીલ (C) હાનલે (D) દ્રાસ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 21 JANUARY, 2020 TUESDAY

### ➤ ભારતમાં ગોલ્ડ જ્વેલરી માટે હોલમાર્કિંગ ફરજિયાત

ભારતમાં કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા તાજેતરમાં એક નોટિફિકેશન પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ નોટિફિકેશન અનુસાર ભારતમાં 15 જાન્યુઆરી 2021થી હોલમાર્કિંગ વગરની ગોલ્ડ જ્વેલરીનું વેચાઈ થઈ શકશે નહિ.
- વ્યાપારીઓ પોતાનો જૂનો સ્ટોક ક્લીયર કરી શકે તે માટે અને રજીસ્ટ્રેશન કરાવી શકે તે માટે તેમને 1 વર્ષનો સમય આપવામાં આવ્યો છે.

- આ સમય દરમિયાન ભારતમાં ગોલ્ડ જ્વેલરીનું વેચાણ કરતા દરેક જ્વેલર્સે **BIS Hallmark**નું એટલે કે **Bureau of Indian Standards Hallmark**નું રજીસ્ટ્રેશન મેળવી લેવાનું રહેશે.

## 15 જાન્યુઆરી 2021 બાદ કયા દાગીનાનું વેચાણ થઈ શકશે ?



15 જાન્યુઆરી 2021 બાદ ભારતમાં ફક્ત BIS Hallmark ધરાવતા સોનાના દાગીનાનું જ વેચાણ થઈ શકશે.

- જોકે, 2 ગ્રામથી ઓછા વજન સાથેની ગોલ્ડ જ્વેલરી અને કલાકૃતિઓને ફરજિયાત હોલમાર્કિંગમાંથી સરકારે મુક્તિ આપી છે.
- આ ઉપરાંત મેડિકલ, ડેન્ટલ, વેટરિનરી, સાયન્ટિફિક તથા ઔદ્યોગિક વપરાશ માટેના ગોલ્ડ આર્ટિકલને પણ હોલમાર્કિંગમાંથી મુક્તિ આપવામાં આવી છે.

## ભારતમાં કઈ કેટેગરીના દાગીના વેચી શકાશે ?

- 15 જાન્યુઆરી, 2021 બાદ ભારતમાં ત્રણ કેટેગરીના હોલમાર્ક ધરાવતા સોનાના દાગીનાનું જ વેચાણ થઈ શકશે. આ ત્રણ કેટેગરીમાં
  (1) 22 કેરેટ અથવા તો 22K916
  (2) 18 કેરેટ અથવા તો 18K750 અને
  (3) 14 કેરેટ અથવા તો 14K585નો સમાવેશ થાય છે.
- એટલે કે 15 જાન્યુઆરી, 2021 બાદ ભારતમાં 22, 18 અને 14 કેરેટની હોલમાર્ક ધરાવતી ગોલ્ડ જ્વેલરીનું જ વેચાણ થઈ શકશે.

## ભારતમાં સોનાની શુદ્ધતા

ભારતમાં 24 કેરેટનું સોનું શુદ્ધ સોનું ગણાય છે.

- એટલે કે 1 કિલોગ્રામ અથવા તો 1000 ગ્રામના 24 કેરેટના સોનાના દાગીનામાં સોનાનું પ્રમાણ 1 કિલોગ્રામ અથવા તો 1000 ગ્રામ હોય છે.
- જ્યારે 22 કેરેટના આવા દાગીનામાં સોનાનું પ્રમાણ 0.916 કિલોગ્રામ અથવા તો 916 ગ્રામ હોય છે. અને એ સિવાયનું બાકીનું વજન તાંબુ કે અન્ય ધાતુનું હોય છે.

### 1000 ગ્રામ વજનમાં સોનાનું પ્રમાણ

| ક્રમ | કેરેટ | પ્રતિ 1000 ગ્રામ સોનાનું પ્રમાણ |
|---|---|---|
| 1 | 24 | 1000 |
| 2 | 22 | 916 |
| 3 | 18 | 750 |
| 4 | 14 | 585 |

**નોંધ :** (1) ભારતમાં સોનાના દાગીનામાં અન્ય હલકી ધાતુઓની ભેળસેળ દ્વારા થતી છેતરપીંડી અટકાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ઉપરોક્ત નિર્ણય કરવામાં આવ્યો છે.

(2) ભારતમાં ફક્ત સોનાના દાગીના પર જ હોલમાર્કિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે. ચાંદીના દાગીનાને તેમાંથી હાલ મુક્તિ આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર 4.8 ટકા રહેવાનો IMFનો અંદાજ

IMF દ્વારા જાન્યુઆરી 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર વર્ષ 2019 એટલે કે નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 4.8 ટકા રહેવાનો અંદાજ છે.

- જોકે નાણાકીય વર્ષ 2020 (એટલે કે નાણાકીય વર્ષ 2020-21) દરમિયાન તે વધીને 5.8 ટકા અને વર્ષ 2021 (એટલે કે નાણાકીય વર્ષ 2021-22) દરમિયાન 6.5 ટકા થવાની સંભાવના છે.
- IMF દ્વારા આ અગાઉ ઓક્ટોબર 2019 દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવેલા રિપોર્ટમાં નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 6.1 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જે ઘટાડીને હવે 4.8 ટકા કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત IMFના અંદાજ અનુસાર વર્ષ 2019માં વૈશ્વિક વૃદ્ધિ દર 2.9 ટકા, 2020માં 3.3 ટકા અને 2021માં 3.4 ટકા રહેવાની સંભાવના છે.


### IMF

IMFનું પૂરું નામ International Monetary Fund છે.

- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પદ્ધતિઓમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવામાં અને આંતરરાષ્ટ્રીય નાણાંકીય કટોકટીના સંતુલનમાં તેની મુખ્ય ભૂમિકા છે.
- તેનું વડું મથક અમેરિકાના વૉશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC CLASS 1/2 પ્રિલિમ 2019માં સફળ થનારા
અમારા સંખ્યાબંધ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન...
અને મેઈન્સની શત્ શત્ શુભકામનાઓ...




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
રાજકોટ | અમદાવાદ | ગાંધીનગર | જૂનાગઢ
www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## ICE ? Questions

1. ભારતમાં હોલમાર્કિંગ વગરના સોનાના દાગીનાનું ક્યારથી વેચાણ થઈ શકશે નહિ ?
   (A) 1 જાન્યુઆરી 2020 (B) 15 જાન્યુઆરી 2020
   (C) 1 જાન્યુઆરી 2021 (D) 15 જાન્યુઆરી 2021 **(D)**

2. 15 જાન્યુઆરી 2021 બાદ ભારતમાં ફક્ત કયા હોલમાર્ક ધરાવતા સોનાના દાગીનાનું જ વેચાણ થઈ શકશે ?
   (A) ISO (B) ISI (C) BIS (D) BSI **(C)**

3. BISનું પૂરું નામ શું છે ?
   (A) Bharat Indian Standards (B) Bharat Indian Security
   (C) Bureau of Indian Security (D) Bureau of Indian Standards **(D)**

4. 15 જાન્યુઆરી 2021 બાદ ભારતમાં હોલમાર્ક વગરના કયા દાગીના વેચી શકાશે નહિ ?
   (A) સોનાના (B) સોનાના અને ચાંદીના
   (C) સોના, ચાંદી અને હીરાના (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

5. 15 જાન્યુઆરી 2021 બાદ ભારતમાં ફક્ત કઈ ત્રણ કેટેગરીના જ સોનાના દાગીના વેચી શકાશે ?
   (A) 24 કેરેટ, 22 કેરેટ, 18 કેરેટ (B) 22 કેરેટ, 20 કેરેટ, 18 કેરેટ
   (C) 22 કેરેટ, 18 કેરેટ, 16 કેરેટ (D) 22 કેરેટ, 18 કેરેટ, 14 કેરેટ **(D)**

6. 22 કેરેટના 1 કિલોગ્રામના દાગીનામાં સોનું કેટલા ગ્રામ હોય છે ?
   (A) 999 (B) 990 (C) 956 (D) 916 **(D)**

7. ભારતમાં કેટલા ગ્રામથી ઓછું વજન ધરાવતા સોનાના દાગીનાને હોલમાર્કિંગમાંથી મુક્તિ આપવામાં આવી છે ?
   (A) 2 (B) 3 (C) 4 (D) 5 **(A)**

8. જાન્યુઆરી 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા IMFના રિપોર્ટ અનુસાર વર્ષ 2019 અથવા તો નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?
   (A) 4.6 ટકા (B) 4.8 ટકા (C) 5.0 ટકા (D) 5.6 ટકા **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 22 JANUARY, 2020 WEDNESDAY

### ➤ 'Time to Care' Oxfam Report



તાજેતરમાં <u>સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ</u> ખાતે યોજાઈ રહેલી <u>World Economic Forum (WEF)</u>ની <u>50મી વાર્ષિક બેઠક</u> અગાઉ <u>Oxfam</u> દ્વારા <u>'Time to Care'</u> નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં ભારત સહિત સમગ્ર વિશ્વમાં વધી રહેલી આર્થિક અસમાનતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.
- આ રિપોર્ટ અનુસાર <u>ભારતના 1 ટકા ધનવાનો</u> પાસે દેશના <u>70 ટકા ગરીબ લોકોની (95.3 કરોડ લોકોની)</u> કુલ સંપત્તિ કરતા <u>ચાર ગણી વધારે સંપત્તિ</u> છે.
- આ ઉપરાંત <u>ભારતના અબજોપતિની (63 અબજોપતિની)</u> કુલ સંપત્તિ ભારત સરકારના આખા વર્ષના <u>કુલ બજેટ કરતા વધારે</u> છે.

- આ રિપોર્ટ અનુસાર વિશ્વના **2153 અબજપતિ** પાસે વિશ્વની કુલ વસતીના **60 ટકા લોકો (એટલે કે 4.6 અબજ લોકો)** કરતા વધારે સંપત્તિ છે.
- સમગ્ર વિશ્વમાં છેલ્લા **એક દાયકા**માં **અબજોપતિઓની સંખ્યા** વધીને **ડબલ** થઈ ગઈ છે. જોકે, **છેલ્લા એક વર્ષ**માં તેમની **કુલ સંપત્તિમાં ઘટાડો** થયો છે.
- આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર એક મહિલા ઘરેલુ વર્કર **22,277 વર્ષ** કામ કરીને જેટલી રકમ કમાય તેટલી રકમ ટેક્નોલોજી કંપનીના ટોચના CEO ફક્ત **એક જ વર્ષ**માં કમાઈ લે છે.

## ICE ? Questions

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | તાજેતરમાં જાન્યુઆરી, 2020 દરમિયાન સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે કઈ સંસ્થાની 50મી વાર્ષિક બેઠકનું આયોજન થયું હતું ? | (A) World Bank | (B) UN | (C) WEF | (D) WHO | (C) |
| 2. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'Time to Care' નામના Oxfamના રિપોર્ટ અનુસાર ભારતના કેટલા ટકા ધનવાનો પાસે દેશના 70 ટકા ગરીબ લોકોની કુલ સંપત્તિ કરતા ચાર ગણી વધારે સંપત્તિ છે ? | (A) 1 ટકા | (B) 2 ટકા | (C) 5 ટકા | (D) 10 ટકા | (A) |
| 3. | ઓક્સફામના રિપોર્ટ અનુસાર ભારતના કેટલા અબજોપતિઓની કુલ સંપત્તિ ભારત સરકારના આખા વર્ષના કુલ બજેટ કરતા વધારે છે ? | (A) 40 | (B) 53 | (C) 63 | (D) 73 | (C) |
| 4. | ઓક્સફામના રિપોર્ટ અનુસાર વિશ્વના કેટલા અબજોપતિઓ પાસે વિશ્વની કુલ વસતીના 60 ટકા લોકો કરતા વધારે સંપત્તિ છે ? | (A) 1153 | (B) 2153 | (C) 3153 | (D) 4153 | (B) |
| 5. | ઓક્સફામના રિપોર્ટ અનુસાર વિશ્વના 2153 અબજોપતિઓ પાસે વિશ્વની કુલ વસતીના કેટલા ટકા લોકો કરતા વધારે સંપત્તિ છે ? | (A) 60 ટકા | (B) 65 ટકા | (C) 70 ટકા | (D) 75 ટકા | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 23 JANUARY, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 23 જાન્યુઆરી, રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન



શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મદિન **23 જાન્યુઆરી** ભારતમાં **'રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન'** તરીકે ઉજવાય છે.

- શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ **23 જાન્યુઆરી, 1897**ના રોજ **ઓડિશા**ના **કટક** ખાતે થયો હતો.
- તેમના પિતાનું નામ **શ્રી રાયબહાદુર જાનકીનાથ** તથા માતાનું નામ **શ્રીમતી પ્રભાવતીદેવી** હતું.
- તેમણે ઈ.સ. **1921**માં **લંડન**માં **આઈ.સી.એસ.**ની પરીક્ષા પાસ કરી હતી. પરંતુ અંગ્રેજ સરકારની નોકરી સ્વીકારી ન હતી.
- બાદમાં તેઓ **'અખિલ ભારત ટ્રેડ યુનિયન'**ના પ્રમુખ બન્યા હતા.

## શ્રી સુભાષચંદ્ર બોઝ અને કોંગ્રેસ

શ્રી સુભાષચંદ્ર બોઝ 1938માં કોંગ્રેસના હરિપુરા અધિવેશનના અધ્યક્ષ બન્યા હતા.

- ત્યારબાદ 1939માં મહાત્મા ગાંધીજીના પ્રતિનિધિ **શ્રી પટ્ટાભી સિતારમૈયાને** હરાવીને **કોંગ્રેસના ત્રિપુરી અધિવેશનના અધ્યક્ષ** બન્યા હતા.
- જોકે, ત્યારબાદ મહાત્મા ગાંધીજી સાથે મતભેદ થતાં માર્ચ, 1939માં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું.

## ફોરવર્ડ બ્લોકની સ્થાપના

કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ શ્રી સુભાષચંદ્ર બોઝે 3 મે, 1939ના રોજ'**ફોરવર્ડ બ્લોક**'ની સ્થાપના કરી હતી.

- સપ્ટેમ્બર, 1939 દરમિયાન દ્વિતીય વિશ્વયુદ્ધમાં અંગ્રેજોએ ભારતને આ વિશ્વયુદ્ધમાં બ્રિટનના પક્ષે સામેલ કર્યું હતું. આથી તેના વિરોધમાં શ્રી સુભાષચંદ્ર બોઝ અને ફોરવર્ડ બ્લોકના સભ્યો દ્વારા યુદ્ધ વિરોધી ભાષણો આપવાની શરૂઆત કરવામાં આવી હતી.
- આ યુદ્ધ વિરોધી ભાષણોને લીધે જુલાઇ, 1940માં શ્રી સુભાષબાબુની ધરપકડ થઈ હતી. આ સમય દરમિયાન જેલમાં ઉપવાસને લીધે તેમની તબિયત લથડતા તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા.
- અને 1941માં નજરકેદમાંથી છટકીને પેશાવર-કાબુલના માર્ગે થઈને તેઓ **જર્મની** પહોંચ્યા હતા.

## એડોલ્ફ હિટલર સાથે મુલાકાત



શ્રી સુભાષચંદ્ર બોઝે 1941માં **જર્મની**માં જર્મનીના સરમુખત્યાર શાસક **એડોલ્ફ હિટલર** સાથે મુલાકાત કરી હતી.

- અને શ્રી સુભાષચંદ્ર બોઝે જૂન 1941માં **જર્મની**ના **બર્લિન રેડિયો** પરથી જ અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી હતી.
- તેમણે **જર્મની**માં '**આઝાદ હિંદ રેડિયો**'ની સ્થાપના કરી હતી.

## આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ



અંગ્રેજો વિરુદ્ધ લડાઈ માટે **શ્રી રાસબિહારી બોઝે** જાપાનની સહાયથી **જાપાન**ના **ટોકિયો**માં જૂન 1942માં '**આઝાદ હિંદ ફોજ**'ની રચના કરી હતી.

- 7 જુલાઈ, 1943ના રોજ **શ્રી સુભાષચંદ્ર બોઝે** તેની કમાન સંભાળી હતી.
- અને આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ કરીને તેમણે **નહેરુ બ્રિગેડ, આઝાદ બ્રિગેડ, સુભાષ બ્રિગેડ** અને **ગાંધી બ્રિગેડ**ની રચના કરી હતી.
- આ ઉપરાંત આઝાદ હિંદ ફોજમાં મહિલાઓ માટે **ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ બ્રિગેડ**ની પણ રચના કરી હતી. જેનું નેતૃત્વ તેમણે **શ્રીમતી લક્ષ્મી સહેગલ**ને સોંપ્યું હતું.
- શ્રી સુભાષચંદ્ર બોઝે 5 જુલાઈ, 1943ના રોજ **સિંગાપોર**થી આઝાદ હિંદ ફોજને '**દિલ્હી ચલો**'નો નારો આપ્યો હતો. (**ખાસ નોંધ : મહાત્મા ગાંધીજી** દ્વારા 1940-41માં શરૂ કરવામાં આવેલો '**વ્યક્તિગત સત્યાગ્રહ**' '**દિલ્હી ચલો ચળવળ**' તરીકે પણ ઓળખાય છે. આથી, '**દિલ્હી ચલો**'ના નારા સાથે **શ્રી સુભાષચંદ્ર બોઝ**નું નામ જોડાયેલું છે. જ્યારે '**દિલ્હી ચલો ચળવળ**' સાથે **મહાત્મા ગાંધીજી**નું નામ સંકળાયેલું છે.)
- શ્રી સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજનું વડુંમથક **સિંગાપોર**થી ખસેડીને મ્યાનમારના **રંગૂન** ખાતે તેની સ્થાપના કરી હતી.

**નોંધ : આઝાદ હિંદ ફોજ અંગ્રેજીમાં "Indian National Army' (INA) તરીકે ઓળખાય છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આઝાદ હિંદ સરકાર

**21 ઓક્ટોબર, 1943**ના રોજ **શ્રી સુભાષચંદ્ર બોઝે સિંગાપોર**માં **ભારતની પ્રથમ સ્વતંત્ર સરકાર**ની રચના કરી હતી.

- આ સરકારને **'આઝાદ હિંદ સરકાર'** નામ આપવામાં આવ્યું હતું.
- આ સરકારનું મુખ્યમથક **સિંગાપોર** ઉપરાંત મ્યાનમારના **રંગૂન** ખાતે પણ સ્થાપવામાં આવ્યું હતું.
- આ સરકારને **જર્મની, જાપાન, ઈટલી, ફિલિપાઈન્સ, કોરિયા, ચીન, મંચુરિયા, ક્રોએશિયા, થાઈલેન્ડ, બર્મા (મ્યાનમાર) અને આયરલેન્ડ** વગેરે દેશોએ માન્યતા આપી હતી.
- ભારત બહાર બ્રિટિશ શાસન વિરુદ્ધ લડાઈ લડવા માટે સ્થાપવામાં આવેલી આ સરકારને પોતાની બેંક હતી, પોતાનું ચલણ હતું, પોતાની ટપાલ ટિકિટ હતી, પોતાની ગુપ્તચર સેવા હતી.
- **શ્રી સુભાષચંદ્ર બોઝ** આ સરકારના **રાષ્ટ્રપતિ, વડાપ્રધાન** અને **યુદ્ધમંત્રી** હતા.
- આ સરકારની સ્થાપના માટે શ્રી સુભાષચંદ્ર બોઝ **જર્મની**થી **સબમરિન** દ્વારા દક્ષિણ એશિયા આવ્યા હતા. અને પછી ત્યાંથી **જાપાન** થઈને **સિંગાપોર** પહોંચ્યા હતા.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ સરકાર **'અર્જી-હુકૂમત-એ-આજાદ'** અથવા તો **'સ્વાધીન ભારતની અંતરિમ સરકાર'** તરીકે પણ ઓળખાય છે.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ 'આઝાદ હિંદ સરકાર' **અખંડ અને અવિભાજિત ભારતની દેશ બહાર બનેલી પ્રથમ સરકાર** હતી.

## નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા આંદમાનમાં તિરંગાને સલામી

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાન અને નેતાજીની સંયુક્ત સેનાએ **આંદમાન-નિકોબાર ટાપુ** જીતી લીધા હતા.

- આ પ્રસંગે **શ્રી સુભાષચંદ્ર બોઝે 30 ડિસેમ્બર, 1943**ના રોજ **આંદમાન નિકોબાર** ટાપુના **પોર્ટબ્લેર** ખાતે પહેલી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.
- અને આંદમાન નિકોબારને બ્રિટિશ શાસનથી મુક્ત જાહેર કર્યો હતો.
- આમ, બ્રિટિશ શાસનમાંથી મુક્ત થનાર ભારતનો પ્રથમ પ્રદેશ **આંદમાન નિકોબાર** જ હતો.
- શ્રી સુભાષચંદ્ર બોઝે **આંદમાન દ્વીપ**નું નામ બદલીને **'શહીદ દ્વીપ'** અને **નિકોબાર દ્વીપ**નું નામ બદલીને **'સ્વરાજ દ્વીપ'** રાખ્યું હતું. અને તેમણે INAના જનરલ **શ્રી એ. ડી. લોગનાથન**ને તેના શાસક નિયુક્ત કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મહાત્મા ગાંધીજીને રાષ્ટ્રપિતાનું બિરુદ

**મહાત્મા ગાંધીજી**ને **'રાષ્ટ્રપિતા'**નું બિરુદ **શ્રી સુભાષચંદ્ર બોઝે** જ આપ્યું હતું.

- આ માટે **6 જુલાઈ, 1944**ના રોજ **રંગૂનથી આઝાદ હિન્દ રેડિયો** પર પોતાના ભાષણમાં તેમણે કહ્યું હતું કે, "ભારતની આઝાદીના આ પવિત્ર યુદ્ધમાં **ભારતના 'રાષ્ટ્રપિતા'**ના ચરણોમાં વંદન. દેશની આઝાદી માટે આપના આશીર્વાદ જોઈએ છે."

## નેતાજીનું નિધન

શ્રી સુભાષચંદ્ર બોઝ **18 ઓગસ્ટ, 1945**ના રોજ **શ્રી હબીબ ઉર રહેમાન** સાથે **ટોકિયો** જવા નીકળ્યા હતા. પરંતુ **તાઈવાન** પાસેના **ફોર્મોસા ટાપુ** પર તેમના વિમાનને આગ લાગતા રહસ્યમય સંજોગોમાં તેમનું મૃત્યુ થયું હતું.

**નોંધ :** (1) શ્રી સુભાષચંદ્ર બોઝે આપેલો **'જય હિન્દ'**નો નારો ભારતનો **'રાષ્ટ્રીય નારો'** બની ગયો છે.

(2) **'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'**નો નારો પણ **શ્રી સુભાષચંદ્ર બોઝે** જ આપ્યો હતો.

## ➤ સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2020




23 જાન્યુઆરી, 2020ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે વર્ષ 2020ના 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ'ની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત વર્ષ 2020માં **સંસ્થાઓ** માટેનો આ એવોર્ડ Disaster Mitigation & Management Centre, Uttarakhand (આપત્તિ નિવારણ અને સંચાલન કેન્દ્ર, ઉત્તરાખંડ)ને એનાયત થયો છે.
- જ્યારે વ્યક્તિગત કેટેગરીમાં શ્રી કુમાર મુન્નન સિંહને આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ સાથે જ શ્રી કુમાર મુન્નન સિંહ 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ' વિજેતા પ્રથમ વ્યક્તિ બની ગયા છે.

### સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ

ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2019થી આ એવોર્ડનો પ્રારંભ થયો છે.

- ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની વિશિષ્ટ કામગીરી બદલ ભારતીય નાગરિક અથવા તો સંસ્થાને દર વર્ષે આ એવોર્ડ એનાયત થાય છે.
- ભારતમાં શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે દર વર્ષે 23 જાન્યુઆરીના રોજ આ એવોર્ડ વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.
- આ એવોર્ડ 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ' અથવા તો 'સુભાષચંદ્ર બોઝ આપત્તિ વ્યવસ્થાપન એવોર્ડ' તરીકે ઓળખાય છે.
- આ એવોર્ડ અંતર્ગત સંસ્થાની કેટેગરીમાં વિજેતા સંસ્થાને રૂ. 51 લાખ રોકડ ધનરાશી અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- જ્યારે વ્યક્તિગત કેટેગરીમાં વિજેતા વ્યક્તિને રૂ. 5 લાખ રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2019માં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ ખાતે આવેલી NDRFની 8મી બટાલિયનને સંસ્થાની કેટેગરીનો પ્રથમ 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ' એનાયત થયો હતો.

(2) વર્ષ 2019માં એક પણ વ્યક્તિને વ્યક્તિગત કેટેગરીનો એવોર્ડ એનાયત થયો ન હતો.

(3) વ્યક્તિગત કેટેગરીમાં આ પ્રથમ એવોર્ડ વર્ષ 2020માં શ્રી કુમાર મુન્નન સિંહને એનાયત થયો છે.

### સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ વિજેતા

| ક્રમ | વર્ષ | કેટેગરી | સંસ્થા/વ્યક્તિ |
|---|---|---|---|
| 1 | 2019 | સંસ્થા | NDRFની 8મી બટાલિયન, ગાઝિયાબાદ |
| 2 | 2020 | સંસ્થા | આપત્તિ નિવારણ અને સંચાલન કેન્દ્ર, ઉત્તરાખંડ |
| | | વ્યક્તિગત | શ્રી કુમાર મુન્નન સિંહ |

## ICE Questions

1. ભારતમાં દર વર્ષે 23 જાન્યુઆરીની કયા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે ?
   (A) રાષ્ટ્રીય રક્તદાન દિન (B) રાષ્ટ્રીય પ્રેમ દિન
   (C) રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન (D) આઝાદ હિંદ ફોજ દિન **(C)**

2. ભારતમાં કયા મહાન વ્યક્તિના જન્મદિનને 'રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન' તરીકે ઉજવવામાં આવે છે ?
   (A) શ્રી મહાત્મા ગાંધી (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
   (C) શ્રી રાસબિહારી બોઝ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ **(D)**

3. શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?
   (A) 23 જાન્યુઆરી, 1887 ; કટક (B) 23 જાન્યુઆરી, 1897 ; કટક
   (C) 23 જાન્યુઆરી, 1887 ; મહુ (D) 23 જાન્યુઆરી, 1897 ; મહુ **(B)**

4. ઈ.સ. 1938નું કોંગ્રેસ અધિવેશન ક્યાં અને કોની અધ્યક્ષતામાં ભરાયું હતું ?
   (A) શ્રી રાસબિહારી બોઝ ; હરિપુરા (B) શ્રી સુભાષચંદ્ર બોઝ ; અમદાવાદ
   (C) શ્રી રાસબિહારી બોઝ ; અમદાવાદ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ ; હરિપુરા **(D)**

5. ફોરવર્ડ બ્લોકની સ્થાપના ક્યારે અને કોણે કરી હતી ?
   (A) 3 મે, 1939 ; શ્રી સુભાષચંદ્ર બોઝ (B) 3 મે, 1939 ; એની બેસન્ટ
   (C) 3 મે, 1941 ; શ્રી સુભાષચંદ્ર બોઝ (D) 3 મે, 1941 ; એની બેસન્ટ **(A)**

6. શ્રી સુભાષચંદ્ર બોઝે 5 જુલાઈ, 1943ના રોજ સિંગાપોરથી આઝાદ હિંદ ફોજને કયો નારો આપ્યો હતો ?
   (A) દિલ્હી જીત લો (B) દિલ્હી ચલો (C) આઝાદી લે કે રહેંગે (D) કરો યા મરો **(B)**

7. શ્રી સુભાષચંદ્ર બોઝે ભારતની પ્રથમ સ્વતંત્ર સરકાર 'આઝાદ હિંદ સરકાર'ની સ્થાપના ક્યારે અને ક્યાં કરી હતી ?
   (A) 23 જાન્યુઆરી, 1943 ; સિંગાપોર (B) 23 જાન્યુઆરી, 1943 ; જર્મની
   (C) 21 ઓક્ટોબર, 1943 ; જર્મની (D) 21 ઓક્ટોબર, 1943 ; સિંગાપોર **(D)**

8. ભારતના કયા રાજ્યમાં આવેલા 'આપત્તિ નિવારણ અને સંચાલન કેન્દ્ર'ને વર્ષ 2020નો 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ' એનાયત થયો છે ?
   (A) ઉત્તરપ્રદેશ (B) ઝારખંડ (C) ઉત્તરાખંડ (D) છત્તીસગઢ **(C)**

9. વર્ષ 2020માં વ્યક્તિગત કેટેગરીનો 'સુભાષચંદ્ર બોઝ આપત્તિ વ્યવસ્થાપન એવોર્ડ' કોને એનાયત થયો છે ?
   (A) શ્રી કુમાર મંગલમ (B) શ્રી કુમાર મુન્નન સિંહ
   (C) શ્રી કુમાર મંગલ સિંહ (D) શ્રી મંગલ કુમાર સિંહ **(B)**

10. 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
    1. વર્ષ 2019થી દર વર્ષે 23 જાન્યુઆરીના રોજ આ એવોર્ડ વિજેતાની જાહેરાત થાય છે.
    2. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં વિશિષ્ટ કામગીરી બદલ ભારતના કોઈપણ નાગરિક કે સંસ્થાને આ પુરસ્કાર એનાયત થાય છે.
    3. આ એવોર્ડ અંતર્ગત વિજેતા વ્યક્તિને રૂ. 10 લાખ રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.
    4. આ એવોર્ડ અંતર્ગત વિજેતા સંસ્થાને રૂ. 51 લાખ રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.
    (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2, 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 24 JANUARY, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 24 જાન્યુઆરી, (1) વિશ્વ શિક્ષણ દિવસ
### (2) રાષ્ટ્રીય બાલિકા દિવસ

#### વિશ્વ શિક્ષણ દિવસ

સમગ્ર વિશ્વમાં 24 જાન્યુઆરીના રોજ 'વિશ્વ શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2019થી થયો છે.
- આ અંતર્ગત 24 જાન્યુઆરી, 2019ના રોજ 'પ્રથમ વિશ્વ શિક્ષણ દિવસ' અથવા તો 'પ્રથમ આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 3 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.
- 'વિશ્વ શિક્ષણ દિવસ'ની ઉજવણી માટેનો આ પ્રસ્તાવ નાઈજીરિયા સહિત 58 દેશોએ તૈયાર કર્યો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વિશ્વ શાન્તિ તથા વિશ્વના વિકાસમાં શિક્ષણની ભૂમિકાને ઉજાગર કરવાનો છે.

**નોંધ :** 'વિશ્વ શિક્ષણ દિવસ' 24 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે, જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' 11 નવેમ્બરના રોજ ઉજવાય છે.

#### રાષ્ટ્રીય બાલિકા દિવસ (National Girl Child Day)

ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં છોકરીઓ પ્રત્યેના ભેદભાવ દૂર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં નારી શક્તિના પ્રતીક એવા શ્રીમતી ઈન્દિરા ગાંધી સૌપ્રથમ 24 જાન્યુઆરીના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા. આથી 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અગાઉ વર્ષ 2019ની 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની થીમ 'Empowering Girls for a Brighter Tomorrow' (એટલે કે 'ઉજ્જવળ ભવિષ્ય માટે છોકરીઓનું સશક્તિકરણ') હતી.

**નોંધ :** ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે 'વિશ્વ બાલિકા દિવસ' 11 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ગુજરાતમાં દાહોદ ખાતેથી રાજ્ય વ્યાપી પોષણ અભિયાનનો પ્રારંભ

23 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં દાહોદ ખાતેથી રાજ્ય વ્યાપી પોષણ અભિયાનનો શુભારંભ કરાવ્યો છે.

- સમગ્ર ગુજરાતમાં આ અભિયાન બે વર્ષ સુધી ચાલશે.
- આ અભિયાન અંતર્ગત 30 જાન્યુઆરી, 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરી 2020ના રોજ ગુજરાતની તમામ જિલ્લા પંચાયતો, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં પોષણ અભિયાનના કાર્યક્રમો યોજાશે.
- ગુજરાત સરકાર દ્વારા કિશોરી, સગર્ભા માતા, ધાત્રી માતા અને બાળક એમ તમામ સ્તરે પોષણ મળી રહે તે માટે યોજનાઓ શરૂ કરવામાં આવી છે.
- આ ઉપરાંત ગુજરાત સરકારે મહિલા અને બાળ વિકાસ વિભાગને અલાયદો બનાવીને તેનું બજેટ રૂ. 400 કરોડથી વધારીને રૂ. 3000 કરોડ કર્યું છે.

## પોષણ અભિયાન અંતર્ગત ત્રિવેણી પુરસ્કાર

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોષણ અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે **'ત્રિવેણી પુરસ્કાર'**ની પણ જાહેરાત કરી છે.



- ગુજરાતમાં પોષણ અભિયાનના સંવાહક એવા ત્રિપલ એ (AAA) એટલે કે -
  **(1) આંગણવાડી વર્કર**
  **(2) આશા વર્કર અને**
  **(3) ANM વર્કરને**
  આ પુરસ્કાર આપવામાં આવશે.
- આ અંતર્ગત ગુજરાતમાં એક વર્ષ દરમિયાન તમામ બાળકોને સુપોષિત કરનારી
  **(1) આંગણવાડી કાર્યકરને રૂ. 12,000**
  **(2) આશા વર્કરને રૂ. 12,000 અને**
  **(3) ANM વર્કરને રૂ. 12,000નો**
  પુરસ્કાર આપવામાં આવશે.
- આ ઉપરાંત **તેડાગર બહેન**ને પણ **રૂ. 6000**નો પુરસ્કાર આપવામાં આવશે.
- આમ, કુલ **રૂ. 42,000**નો પુરસ્કાર આપવામાં આવશે. ગુજરાતની તમામ આંગણવાડીને તેમાં આવરી લેવામાં આવશે.

**નોંધ :** (1) ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને **8 માર્ચ, 2018**ના રોજ **રાજસ્થાન**ના **ઝુનઝુનુ** ખાતેથી **પોષણ અભિયાન**નો પ્રારંભ કરાવ્યો હતો.
(2) ભારતમાં **પોષણ અભિયાન** અથવા તો **રાષ્ટ્રીય પોષણ મિશન (National Poshan Mission - NPM)નું** સ્લોગન **'સહી પોષણ, દેશ રોશન'** છે.
(3) ભારતમાં વર્ષ **2018**થી દર વર્ષે **સપ્ટેમ્બર** માસની **'રાષ્ટ્રીય પોષણ માસ'** તરીકે ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ઉત્તરાર્ધ મહોત્સવ 2020

21 અને 22 જાન્યુઆરી 2020ના રોજ ગુજરાતમાં **મોઢેરા** ખાતે આવેલા પ્રસિદ્ધ **સૂર્યમંદિર**ના પરિસરમાં **ઉત્તરાર્ધ મહોત્સવ, 2020નું** આયોજન થયું હતું.



- આ અંતર્ગત 21 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ આ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.
- આ **દ્વિદિવસીય** મહોત્સવમાં શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને નૃત્ય કલાનો અનેરો સંગમ જોવા મળ્યો હતો.
- ઉત્તરાર્ધ મહોત્સવ એ **સૂર્યની પૂજા** સાથે સંકળાયેલો ઉત્સવ છે.
- **સૂર્યના મકર રાશિમાં પ્રવેશ બાદ** એટલે કે **ઉત્તરાયણ બાદ** સામાન્ય રીતે **જાન્યુઆરી મહિનાના ત્રીજા સપ્તાહ**ના અંતમાં દર વર્ષે ગુજરાતમાં આ ઉત્સવ યોજાય છે.

**નોંધ :** (1) સૂર્યમંદિર માટે પ્રસિદ્ધ **મોઢેરા** ગુજરાતના **મહેસાણા** જિલ્લાના **બહુચરાજી** તાલુકામાં આવેલું છે.
(2) ભારતમાં ગુજરાતના **મોઢેરા**ના સૂર્યમંદિર ઉપરાંત **ઓડિશા**ના **કોણાર્કનું** સૂર્યમંદિર અને **કાશ્મીર**ના **અનંતનાગ** જિલ્લામાં આવેલું **માર્તંડ** સૂર્યમંદિર પ્રસિદ્ધ છે.

## ICE ? Questions

1. 'વિશ્વ શિક્ષણ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 જાન્યુઆરી (B) 23 જાન્યુઆરી (C) 24 જાન્યુઆરી (D) 25 જાન્યુઆરી **(C)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 જાન્યુઆરી (B) 11 જુલાઈ (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર **(C)**

3. ભારતમાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 જાન્યુઆરી (B) 11 ઓક્ટોબર (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર **(A)**

4. વિશ્વ બાલિકા દિવસ (World Girl Child Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 જાન્યુઆરી (B) 11 ઓક્ટોબર (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર **(B)**

5. 23 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય વ્યાપી પોષણ અભિયાનનો ક્યાંથી પ્રારંભ કરાવ્યો છે ?

(A) ગોધરા (B) દાહોદ (C) હારીજ (D) બહુચરાજી **(B)**

6. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોષણ અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે કયો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે ?

(A) સંગમ પુરસ્કાર (B) પોષણ પુરસ્કાર (C) ત્રિવેણી પુરસ્કાર (D) ત્રિપલ પુરસ્કાર **(C)**

7. ગુજરાતમાં પોષણ અભિયાન અંતર્ગત એક વર્ષ દરમિયાન તમામ બાળકોને સુપોષિત કરવા બદલ કોને 'ત્રિવેણી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવશે ?

(A) આંગણવાડી કાર્યકર (B) આશા વર્કર અને ANM વર્કર

(C) તેડાગર બહેનો (D) ઉપરોક્ત તમામ **(D)**

8. ગુજરાતમાં 'ત્રિવેણી પુરસ્કાર' અંતર્ગત આંગણવાડી કાર્યકર, આશા વર્કર અને ANM વર્કરને કેટલી રકમ આપવામાં આવશે ?

(A) રૂ. 6000 (B) રૂ. 10,000 (C) રૂ. 12,000 (D) રૂ. 14,000 **(C)**

9. 21-22 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના કયા સ્થળે ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન થયું હતું ?

(A) વડનગર (B) રાણકી વાવ (C) પાવાગઢ (D) મોઢેરા **(D)**

10. સૂર્યના કઈ રાશિમાં પ્રવેશ બાદ ગુજરાતના મોઢેરા ખાતે દર વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાય છે ?

(A) કર્ક (B) મેશ (C) મકર (D) વૃષભ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 25 JANUARY, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 25 જાન્યુઆરી, રાષ્ટ્રીય મતદાર દિન (National Voter's Day)

ભારતમાં યુવા મતદાતાઓને જાગૃત કરવા માટે દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાર દિવસ' (National Voter's Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણીનો પ્રારંભ 25 જાન્યુઆરી, 2011ના રોજ ભારતના મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટિલે કરાવ્યો હતો.
- ત્યારબાદ દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ પ્રસંગે દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ ચૂંટણી પંચ દ્વારા નવા મતદારોને તેમનું ચૂંટણી કાર્ડ આપવામાં આવે છે.

**વર્ષ 2020ની રાષ્ટ્રીય મતદાર દિવસની થીમ**

- વર્ષ 2020ની 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની થીમ 'Electoral Literacy for Stronger Democracy' (મજબૂત લોકશાહી માટે ચૂંટણીલક્ષી સાક્ષરતા) છે.

### ➤ Corruption Perceptions Index 2019માં ભારત 80મા ક્રમે


બિનસરકારી સંગઠન Transparency International દ્વારા તાજેતરમાં 'કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ 2019' નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં ભ્રષ્ટાચારને મામલે વિશ્વના 180 દેશોમાં ભારતનો ક્રમ 80મો છે.
- આ અગાઉ વર્ષ 2018ના આ ઈન્ડેક્સમાં ભારત 78મા અને 2017માં 81મા ક્રમે હતું.
- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર વિશ્વના 180 દેશોમાંથી સૌથી ઓછો ભ્રષ્ટાચાર ડેન્માર્ક તથા ન્યુઝીલેન્ડમાં છે.
- અને સૌથી વધુ ભ્રષ્ટાચાર સોમાલિયામાં છે.
- આ ઈન્ડેક્સમાં ડેન્માર્ક અને ન્યુઝીલેન્ડ પ્રથમ ક્રમે છે.
- જ્યારે ડેન્માર્ક અને ન્યુઝીલેન્ડ બાદ ફિનલેન્ડ ત્રીજા ક્રમે છે.
- સોમાલિયા અંતિમ 180મા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Corruption Perceptions Index 2019 Rank**

| Rank | Countries | Score (100 માંથી) |
|---|---|---|
| 1 | ડેન્માર્ક | 87 |
| 1 | ન્યુઝીલેન્ડ | 87 |
| 3 | ફિનલેન્ડ | 86 |
| 4 | સિંગાપોર, સ્વીડન, સ્વિત્ઝર્લેન્ડ | 85 |
| 80 | ભારત, ચીન, મોરોક્કો, ઘાના, બેનીન | 41 |
| 178 | સીરિયા | 13 |
| 179 | દક્ષિણ સુદાન | 12 |
| 180 | સોમાલિયા | 09 |




## ➤ Democracy Index 2019માં ભારત 51મા ક્રમે

EIU'S એટલે કે The Economist Intelligence Unit દ્વારા તાજેતરમાં 'Democracy Index 2019' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં વિશ્વના 167 દેશોમાં 6.90ના સ્કોર સાથે ભારત 51મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018ના આ ઈન્ડેક્સમાં ભારત 41મા અને 2017માં 42મા ક્રમે હતું.
- આમ, વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં ભારતના રેન્કમાં 10 ક્રમનો ઘટાડો થયો છે.
- વર્ષ 2019ના આ ઈન્ડેક્સમાં નોર્વે પ્રથમ ક્રમે છે.
- નોર્વે બાદ આઈસલેન્ડ બીજા અને સ્વીડન ત્રીજા ક્રમે છે.
- જ્યારે નોર્થ કોરિયા અંતિમ 167મા ક્રમે છે.

**Democracy Index 2019 Rank**

| Rank | Countries |
|---|---|
| 1 | નોર્વે |
| 2 | આઈસલેન્ડ |
| 3 | સ્વીડન |
| 51 | ભારત |
| 165 | સેન્ટ્રલ આફ્રીકન રિપબ્લિક |
| 166 | ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો |
| 167 | નોર્થ કોરિયા |




- કુલ પાંચ માપદંડોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે.
- આ પાંચ માપદંડોમાં ચૂંટણી પ્રક્રિયાની સ્થિતિ, સરકારની કાર્યપ્રણાલી, રાજકીય ભાગીદારી, રાજકીય સંસ્કૃતિ અને સામાજિક સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય મતદાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 23 જાન્યુઆરી (B) 24 જાન્યુઆરી (C) 25 જાન્યુઆરી (D) 27 જાન્યુઆરી — **(C)**
2. વર્ષ 2020ના ભારતના 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની થીમ શું છે ?
   (A) No Voter to be left Behind (B) Electoral Literacy for Stronger Democracy
   (C) Vote for new India (D) Vote for India — **(B)**
3. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ 2019'માં ભારત કયા ક્રમે છે ?
   (A) 80મા (B) 81મા (C) 82મા (D) 84મા — **(A)**
4. 'કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ 2019'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
   (A) ડેન્માર્ક, નેધરલેન્ડ (B) ડેન્માર્ક, સ્વિત્ઝર્લેન્ડ
   (C) ડેન્માર્ક, ન્યુઝીલેન્ડ (D) ડેન્માર્ક, ફિનલેન્ડ — **(C)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

5. ‘કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ 2019’માં અંતિમ 180મા ક્રમે કયો દેશ છે ?
(A) સીરિયા (B) દક્ષિણ સુદાન (C) દક્ષિણ કોરિયા (D) સોમાલિયા — **(D)**

6. ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા પ્રસિદ્ધ થયેલા ‘ડેમોક્રસી ઈન્ડેક્સ 2019’માં વિશ્વના 167 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 41મા (B) 42મા (C) 43મા (D) 51મા — **(D)**

7. ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા પ્રસિદ્ધ થયેલા ‘ડેમોક્રસી ઈન્ડેક્સ 2018’માં ભારત કયા ક્રમે હતું ?
(A) 41મા (B) 42મા (C) 43મા (D) 51મા — **(A)**

8. ‘ડેમોક્રસી ઈન્ડેક્સ 2019’માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) ડેન્માર્ક (B) સ્વીડન (C) આઈસલેન્ડ (D) નોર્વે — **(D)**

9. ‘ડેમોક્રસી ઈન્ડેક્સ 2019’માં અંતિમ 167મા ક્રમે કયો દેશ છે ?
(A) સોમાલિયા (B) ઉત્તર કોરિયા (C) દક્ષિણ સુદાન (D) ઉત્તર સુદાન — **(B)**

10. તાજેતરમાં કોના દ્વારા પ્રસિદ્ધ થયેલા ‘ડેમોક્રસી ઈન્ડેક્સ 2019’માં ભારત 51મા ક્રમે છે ?
(A) ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ (B) WEF
(C) ધ ઈકોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (D) World Bak — **(C)**

ICE COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ શ્રી માઈકલ પાત્રાની RBIના ડેપ્યુટી ગવર્નર તરીકે નિમણૂક

ભારતની <u>રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)</u>ના નવા <u>ડેપ્યુટી ગવર્નર</u> તરીકે <u>શ્રી એમ. ડી. પાત્રા</u> અથવા તો <u>શ્રી માઈકલ દેબાબ્રાતા પાત્રા</u>ની નિમણૂક કરવામાં આવી છે. RBIના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે શ્રી માઈકલ પાત્રાએ <u>શ્રી વિરલ આચાર્યનું</u> સ્થાન લીધું છે. RBIમાં <u>એક</u> ગવર્નર અને <u>ચાર</u> ડેપ્યુટી ગવર્નર હોય છે. RBIના વર્તમાન (25 જાન્યુઆરી 2020ની સ્થિતિએ) ગવર્નર <u>શ્રી શક્તિકાંત દાસ</u> છે. જ્યારે RBIના વર્તમાન ડેપ્યુટી ગવર્નરોમાં <u>શ્રી માઈકલ પાત્રા</u> ઉપરાંત <u>શ્રી N. S. વિશ્વનાથન</u>, <u>શ્રી બી. પી. કાનુન્ગો</u> અને <u>શ્રી મહેશ કુમાર જૈન</u>નો સમાવેશ થાય છે.

## ➢ ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2020માં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે

તાજેતરમાં 10થી 22 જાન્યુઆરી 2020 દરમિયાન ભારતમાં આસામના ગુવાહાટી ખાતે ત્રીજી 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2020'નું આયોજન થયું હતું. જેમાં સમગ્ર દેશમાં 78 ગોલ્ડ સહિત કુલ 256 મેડલ સાથે મેડલ ટેલીમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. મહારાષ્ટ્ર બાદ હરિયાણા બીજા અને દિલ્હી ત્રીજા ક્રમે છે. જ્યારે 16 ગોલ્ડ, 16 સિલ્વર અને 20 બ્રોન્ઝ સહિત કુલ 52 મેડલ સાથે ગુજરાત નવમા ક્રમે છે. આ અગાઉ વર્ષ 2019માં આ ગેમ્સમાં મહારાષ્ટ્ર અને 2018માં હરિયાણા પ્રથમ ક્રમે હતું.

## ➢ 'પરીક્ષા પે ચર્ચા 2020' કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો

20 જાન્યુઆરી 2020ના રોજ ભારતમાં નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. ભારતમાં વર્ષ 2018થી આ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. વર્ષ 2020માં આ પ્રકારના ત્રીજા કાર્યક્રમનું આયોજન થયું હતું.

## ➢ ઉત્તરપ્રદેશના મેરઠમાં પ્રાણીઓ માટેનું ભારતનું પ્રથમ વોર મેમોરિયલ બનશે

ભારતમાં ઉત્તરપ્રદેશના મેરઠ ખાતે પ્રાણીઓ માટેના ભારતના પ્રથમ વોર મેમોરિયલનું નિર્માણ કરવામાં આવશે. યુદ્ધમાં સૈનિકો સાથે ઘોડા, ખચ્ચર, શ્વાન વગેરે જેવા પ્રાણીઓ પણ સેવા આપતા હોય છે. તેથી આવા પ્રાણીઓની સેવાને બિરદાવવા માટે મેરઠની Remount and Veterinary Corps Centre and College ખાતે આ યુદ્ધ સ્મારકનું નિર્માણ કરવામાં આવશે.

## ➢ ભારત 'વ્યોમમિત્ર' નામના રોબોટને અવકાશમાં મોકલશે

ભારતના સમાનવ અવકાશ મિશન 'ગગનયાન'ની પૂર્વ તૈયારી માટે ઈસરોએ 'વ્યોમમિત્ર' નામનો એક લેડી રોબોટ તૈયાર કર્યો છે. બેંગાલુરુ ખાતે પ્રદર્શનમાં રજૂ કરાયેલો આ રોબોટ મનુષ્યની માફક વાત-ચીત કરી શકે છે અને અન્ય મનુષ્યોને ઓળખી પણ શકે છે. આ રોબોટને પગ નથી, આથી તેને 'હાફ હ્યુમોનોઈડ'ની ઓળખ મળી છે. સંસ્કૃત શબ્દ 'વ્યોમ' એટલે કે આકાશ અને 'મિત્ર'ને એકઠા કરીને તેને 'વ્યોમમિત્ર' નામ આપવામાં આવ્યું છે. 'ગગનયાન'ના લોન્ચિંગ અગાઉ લોન્ચ કરવામાં આવનાર પરીક્ષણ ફ્લાઈટમાં આ રોબોટને અવકાશમાં મોકલવામાં આવશે.

# વિશ્વ

## ➢ સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં યોજાઈ WEFની 50મી વાર્ષિક બેઠક

20થી 24 જાન્યુઆરી 2020 દરમિયાન સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે WEF એટલે કે World Economic Forumની 50મી વાર્ષિક બેઠકનું આયોજન થયું હતું. આ બેઠકમાં શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ સહિત 3000થી વધુ નેતાઓએ ભાગ લીધો હતો. આ બેઠકમાં ભારત તરફથી કેન્દ્રીય વ્યાપાર અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયૂષ ગોયલે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ વિશ્વના સૌથી ઠિંગણા વ્યક્તિ શ્રી ખગેન્દ્ર થાપા માગરનું નિધન

વિશ્વના સૌથી ઠિંગણા વ્યક્તિ **શ્રી ખગેન્દ્ર થાપા માગરનું** 17 જાન્યુઆરી, 2020ના રોજ **નેપાળના પોખારા** ખાતે 27 વર્ષની વયે નિધન થયું છે. 4 ઓક્ટોબર, 1992ના રોજ **નેપાળના બાગલુંગ જિલ્લામાં** તેમનો જન્મ થયો હતો. વિશ્વના સૌથી ઠિંગણા વ્યક્તિનો એવોર્ડ નોંધાવનાર શ્રી ખગેન્દ્ર થાપાની હાઈટ 0.67 મીટર હતી.

## ICE Questions

- RBIના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી એમ. ડી. પાત્રા (અથવા શ્રી માઈકલ દેબાબ્રાતા પાત્રા)
- RBIના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે કોની જગ્યાએ શ્રી એમ. ડી. પાત્રાની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી વિરલ આચાર્ય
- ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2020નું આયોજન ક્યાં થયું હતું ? – ગુવાહાટી, આસામ
- ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2020માં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ? – મહારાષ્ટ્ર
- ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2020માં મેડલ ટેબલમાં ગુજરાત કયા ક્રમે છે ? – નવમા
- તાજેતરમાં કયા સ્ટેડિયમમાં યોજાયેલા 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો ? – તાલકટોરા સ્ટેડિયમ, નવી દિલ્હી
- જાન્યુઆરી 2020 દરમિયાન ભારતમાં કેટલામા 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમનું આયોજન થયું હતું ? – ત્રીજા
- ભારતના કયા શહેરમાં પ્રાણીઓ માટેના ભારતના પ્રથમ વોર મેમોરિયલનું નિર્માણ કરવામાં આવશે ? – મેરઠ, ઉત્તરપ્રદેશ
- ભારતના સમાનવ અવકાશ મિશન 'ગગનયાન'ની પરીક્ષણ ફ્લાઈટમાં ઈસરો દ્વારા કયા રોબોટને અવકાશમાં મોકલવામાં આવશે ? – વ્યોમમિત્ર
- તાજેતરમાં ભારતના કયા શહેરમાં યોજાયેલા પ્રદર્શનમાં ઈસરો દ્વારા મનુષ્યની માફક વાત-ચીત કરતા લેડી રોબોટ 'વ્યોમમિત્ર'ને રજૂ કરવામાં આવ્યો હતો ? – બેંગાલુરુ
- જાન્યુઆરી 2020 દરમિયાન WEF અથવા તો વર્લ્ડ ઈકોનોમિક ફોરમની કેટલામી વાર્ષિક બેઠકનું આયોજન થયું હતું ? – 50મી
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ની 50મી વાર્ષિક બેઠક ક્યાં યોજાઈ હતી ? – દાવોસ, સ્વિત્ઝર્લેન્ડ
- સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાયેલી WEFની 50મી વાર્ષિક બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કોણે કર્યું હતું ? – શ્રી પિયૂષ ગોયલ
- વિશ્વના સૌથી ઠિંગણા વ્યક્તિનો રેકોર્ડ સર્જનાર કયા વ્યક્તિનું તાજેતરમાં નિધન થયું છે ? – શ્રી ખગેન્દ્ર થાપા માગર
- વિશ્વના સૌથી ઠિંગણા વ્યક્તિનો રેકોર્ડ સર્જનાર શ્રી ખગેન્દ્ર થાપા માગરનું તાજેતરમાં નિધન થયું છે....તેમના દેશનું નામ શું છે ? – નેપાળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં કઈ કંપનીએ વર્ષ 2030 સુધીમાં તેની સપ્લાય વ્યવસ્થામાંથી કાર્બન ઉત્સર્જનમાં 50 ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે ? – માઈક્રોસોફ્ટ
2. કઈ કંપનીએ કાર્બનનું ઉત્સર્જન ઘટાડવા માટે 'ક્લાયમેટ ઈનોવેશન ફંડ'ની સ્થાપના કરીને તેમાં એક અબજ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી છે ? – માઈક્રોસોફ્ટ
3. માઈક્રોસોફ્ટનું વડું મથક ક્યાં આવેલું છે ? – રેડમંડ, વોશિંગ્ટન (અમેરિકા)
4. ભારત સરકારના National Informatics Centre (NIC) દ્વારા ભારતના કયા શહેરમાં બ્લોકચેન ટેક્નોલોજી કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે ? – બેંગાલુરૂ (કર્ણાટક)
5. ભારતને આપવા માટે કયા દેશમાં S-400 મિસાઈલનું પ્રોડક્શન શરૂ કરવામાં આવ્યું છે ? – રશિયા
   (રશિયા દ્વારા વર્ષ 2025 સુધીમાં ભારતને આ મિસાઈલની ડિલિવરી આપવામાં આવશે.)
6. અમેરિકાની SWAT ટીમે ISના 250 કિલોગ્રામ વજન ધરાવતા આતંકી અબુ અબ્દુલ બારી ઉર્ફે જબ્બા ધ જિહાદીની ઈરાકના કયા શહેરમાંથી ધરપકડ કરી છે ? – મોસૂલ
7. તાજેતરમાં ભારતના કયા પાડોશી દેશે ચીન સાથે આશરે 33 કરારો કર્યા છે ? – મ્યાનમાર
   (છેલ્લા 19 વર્ષમાં પહેલી વખત મ્યાનમારની મુલાકાતે ગયેલા ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગની મ્યાનમારની મુલાકાત દરમિયાન આ કરાર થયા હતા.)
8. કેપ્ટન તરીકે સૌથી ઝડપી 5000 રન બનાવવાનો રેકોર્ડ કોણે બનાવ્યો છે ? – શ્રી વિરાટ કોહલી
   (શ્રી વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે તેમની કેપ્ટન તરીકેની 82મી ઈનિંગમાં આ રેકોર્ડ બનાવ્યો છે. આ અગાઉ આ રેકોર્ડ ભારતના જ શ્રી મહેન્દ્ર સિંહ ધોનીના નામે હતો. તેમણે 127 ઈનિંગમાં 5000 રન બનાવ્યા હતા.)
9. તાજેતરમાં ભારતના કયા ક્રિકેટરે 100મી વખત 50થી વધુનો સ્કોર બનાવવાની સિદ્ધિ મેળવી છે ? – શ્રી વિરાટ કોહલી
   (આવી સિદ્ધિ મેળવનાર શ્રી વિરાટ કોહલી વિશ્વના પાંચમા અને શ્રી સચિન તેંડુલકર બાદ ભારતના બીજા ખેલાડી છે.)
10. ઘર આંગણે 200 ક્રિકેટ મેચ જીતનારી એશિયાની પ્રથમ ટીમ કઈ છે ? – ભારત
   (તાજેતરમાં બેંગાલુરૂ ખાતે રમાયેલી વન-ડેમાં ઓસ્ટ્રેલિયાને પરાજય આપીને ભારતે આ સિદ્ધિ મેળવી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. ભારતે ઓસ્ટ્રેલિયા સામેની 3 વન ડેની સીરિઝ 2-1થી જીતી લીધી છે. આ સીરિઝમાં 'પ્લેયર ઓફ ધ સીરિઝ એવોર્ડ' વિજેતા ખેલાડી કોણ છે ? – શ્રી વિરાટ કોહલી

12. 19 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં ભૂલકાઓને પોલિયોના ટીપા પીવડાવીને રાજ્યવ્યાપી પોલિયો અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર

13. ઉત્તરપ્રદેશના કયા રેલવે સ્ટેશનનું નામ બદલીને પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન કરવામાં આવ્યું છે ? – મુગલસરાય

14. ભારતના કયા રાજ્યમાં રેલવે સ્ટેશનોના નામ ઉર્દૂને બદલે હવે સંસ્કૃત ભાષામાં લખવામાં આવશે ? – ઉત્તરાખંડ

15. ભારતમાં 26 જાન્યુઆરી 2020ના રોજ દિલ્હી ખાતે યોજાનાર પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્ય તરફથી કયો ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવશે ? – 'રાણીની વાવ : જલ મંદિર'નો ટેબ્લો

16. તાજેતરમાં ગુજરાતના કયા સાહિત્યકારનો 'દ્વિશતાબ્દી મહોત્સવ' યોજાયો હતો ? – કવિ દલપતરામ
(21 જાન્યુઆરી, 1820ના રોજ સુરેન્દ્રનગરના વઢવાણ ખાતે તેમનો જન્મ થયો હતો.)

17. કવિશ્વર દલપતરામ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત ગુજરાતના કયા શહેરમાં 'દલપતયુગના સંભારણા' કાર્યક્રમનું આયોજન થયું હતું ? – અમદાવાદ
(અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલા તથા ગુજરાત રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

18. 20 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના કયા શહેરમાં હાથમાં ઝાડુ લઈ પડેલા કચરાની સફાઈ કરી શ્રમદાન કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર
(ગાંધીનગર મહાનગરપાલિકાના સેક્ટર-7 ખાતે આ કાર્યક્રમનું આયોજન થયું હતું.)

19. તાજેતરમાં નવી દિલ્હી ખાતે સચિવ શ્રી અને ફિલ્મ અભિનેતા શ્રી આમીર ખાનના હસ્તે ગુજરાતના કયા જિલ્લાને ODF સસ્ટેનેબિલીટી અને સ્વચ્છતા દર્પણ એવોર્ડ એનાયત થયો છે ? – વડોદરા

20. 20 જાન્યુઆરી 2020ના રોજ ગુજરાતમાં ઈડર ખાતે રાજ્યકક્ષાની ઐતિહાસિક પર્વત ઈડરિયા ગઢ આરોહણ અવરોહણ જુનિયર સ્પર્ધા 2019-20નું આયોજન થયું હતું...જે ઈડર ખાતે યોજાયેલી આ પ્રકારની કેટલામી સ્પર્ધા હતી ? – પ્રથમ

21. તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે આવેલા પર્વત પર રાજ્યકક્ષાની પ્રથમ આરોહણ અવરોહણ સ્પર્ધાનું આયોજન થયું હતું ? – ઈડર

22. ગુજરાતમાં રૂ. 5000 કરોડના ખર્ચે નિર્માણ પામેલું કયું LNG ટર્મિનલ તાજેતરમાં કાર્યરત થયું છે ? – મુન્દ્રા
(ગુજરાતમાં દહેજ અને હજીરા બાદ મુન્દ્રામાં સ્થપાયેલું આ ત્રીજું ટર્મિનલ છે.)

23. ગુજરાતમાં મુન્દ્રા ખાતે સ્થપાયેલા પ્રતિ વર્ષ 5 મિલિયન મેટ્રિક ટનની (5 MMTPA) ક્ષમતાના LNG ટર્મિનલનું કોના દ્વારા સંચાલન કરવામાં આવશે ? – GSPC (Gujarat State Petroleum Corporation) Ltd

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

24. 26 જાન્યુઆરી 2020ના રોજ ભારતના પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ તરીકે કયા દેશના રાષ્ટ્રપતિ ઉપસ્થિત રહ્યા હતા ? – બ્રાઝિલ
(બ્રાઝિલના રાષ્ટ્રપતિ શ્રી જૈર બોલ્સોનારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.)

25. તાજેતરમાં કયા દેશે 'ગઝનવી' મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે ? – પાકિસ્તાન
(290 કિલોમીટર રેન્જની આ મિસાઈલને હત્ફ-3 તરીકે પણ ઓળખવામાં આવે છે.)

26. ભારતની કઈ સંસ્થાએ 'National Data Analytics Platform' (NDAP) વિકસાવવાની જાહેરાત કરી છે ? – નીતિ આયોગ
(આ પ્લેટફોર્મની મદદથી દરેક સેક્ટર માટે સરકારી ડેટા સુધી પહોંચ ઉપલબ્ધ કરાવવામાં આવશે.)

27. WEF અથવા તો વર્લ્ડ ઈકોનોમિક ફોરમની 50મી બેઠકમાં ભારતના કયા વ્યક્તિને ક્રિસ્ટલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી દીપિકા પાદુકોણ
(માનસિક સ્વાસ્થ્ય સંબંધિત બીમારીઓ અંગે જાગૃતિ ફેલાવવા માટે સુશ્રી દીપિકા પાદુકોણને આ એવોર્ડ એનાયત થયો છે.)

28. ભારતના કયા રાજ્યમાં 'મુખ્યમંત્રી કૃષક દુર્ઘટના કલ્યાણ યોજના' લોન્ચ કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

29. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કોની અધ્યક્ષતામાં 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ સલાહકાર પરિષદ'ની રચના કરવામાં આવી છે ? – કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી
(ભારતમાં સ્ટાર્ટઅપ કંપનીઓ માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવા માટે કેન્દ્ર સરકારને સલાહ આપવા આ પરિષદની નિમણૂક કરવામાં આવી છે.)

30. ભારતમાં પ્રાઈવેટ સેક્ટરની કઈ બેન્ક દ્વારા કાર્ડ વગર પણ ATMમાંથી પૈસા ઉપાડવાની સુવિધા લોન્ચ કરવામાં આવી છે ? – ICICI Bank

31. ભારતમાં વર્ષ 2019ના 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' માટે કેટલા બાળકોની પસંદગી કરવામાં આવી છે ? – 22

32. ભારતમાં કઈ સંસ્થા દ્વારા બાળકોને 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે ?
– Indian Council for Child Welfare (ICCW) અથવા તો ભારતીય બાળ કલ્યાણ પરિષદ

33. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીનપીસ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર ભારતનું સૌથી વધુ પ્રદૂષિત શહેર કયું છે ? – ઝરિયા (ઝારખંડ)
(આ રિપોર્ટ અનુસાર ભારતના સૌથી વધુ પ્રદૂષિત 10 શહેરોમાં ઉત્તરપ્રદેશના 6 શહેરોનો સમાવેશ થાય છે. જ્યારે આ રિપોર્ટ મુજબ મિઝોરમનું લુંગલેઈ શહેર ભારતનું સૌથી ઓછું પ્રદૂષિત શહેર છે.)

34. Institute of Company Secretaries of India (ICSI)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી આશિષ ગર્ગ

35. State Bank of India (SBI)ના નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ચલ્લા શ્રીનિવાસુલૂ શેટ્ટી

36. ભારતમાં કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતના કયા રાજ્યમાં શાકભાજીનું સૌથી વધુ ઉત્પાદન થયું હતું ? – પશ્ચિમ બંગાળ
(પશ્ચિમ બંગાળ બાદ ઉત્તરપ્રદેશ બીજા ક્રમે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

37. ભારતમાં કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતના કયા રાજ્યમાં ફળોનું સૌથી વધુ ઉત્પાદન થયું હતું ? – આંધ્રપ્રદેશ
(ફળોના ઉત્પાદનમાં આંધ્રપ્રદેશ બાદ મહારાષ્ટ્ર બીજા ક્રમે છે.)

38. જાન્યુઆરી 2020 દરમિયાન NIC (નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર) દ્વારા ભારતના કયા શહેરમાં 'NIC ટેક કોન્કલેવ 2020'નું આયોજન થયું હતું ? – નવી દિલ્હી

39. મધ્યપ્રદેશ સરકારના 'રાષ્ટ્રીય લતા મંગેશકર પુરસ્કાર 2018' માટે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી કુલદીપ સિંહ

40. એશિયાની સૌથી મોટી 'ખાદ્ય-કૃષિ વ્યાપાર ગ્રામીણ વિકાસ' સમિટ 'કૃષિ મંથન'નું આયોજન કયાં થયું હતું ? – IIM અમદાવાદ (ગુજરાત)
(અમદાવાદમાં યોજાયેલી આ સમિટ આ પ્રકારની પ્રથમ સમિટ હતી.)

41. ભારતમાં ઈલેક્ટ્રોનિક કચરાના નિકાલ માટે પ્રાયોગિક ધોરણે ભારતના કયા શહેરમાં ભારતના પ્રથમ 'e-Waste Clinic'નો પ્રારંભ થયો છે ? – ભોપાલ (મધ્યપ્રદેશ)

42. 'સ્ટડી ઈન ગુજરાત' કાર્યક્રમ 2020 અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ભારત બહાર કયા દેશમાં સૌપ્રથમ રોડ શોનું આયોજન થયું હતું ? – કુવૈત

43. જાન્યુઆરી 2020 દરમિયાન એશિયન રેડિયોલોજી ફોરમ અને Indian Radiological and Imaging Association (IRIA)ની 73મી વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કયાં થયું હતું ? – મહાત્મા મંદિર, ગાંધીનગર
(ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. આ વૈશ્વિક કોન્ફરન્સની મુખ્ય થીમ 'રીસર્ચ ટુ રીઆલિટી' હતી.)

44. કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી સંજય ધોત્રેએ આપેલી માહિતી અનુસાર જમ્મુ કાશ્મીરના વિકાસ માટે કેન્દ્ર સરકારે કેટલા રૂપિયાના પેકેજની મંજૂરી આપી છે ? – રૂ. 80,000 કરોડ
(આ પેકેજમાં જમ્મુ કાશ્મીરમાં IIT, IIM જેવી શૈક્ષણિક સંસ્થાઓ ખોલવાનો પણ સમાવેશ થાય છે.)

45. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા એનાયત થતા 'રાષ્ટ્રીય બાળ શક્તિ પુરસ્કાર'નું નામ બદલીને હવે શું રાખવામાં આવ્યું છે ? – પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ શક્તિ પુરસ્કાર

46. 22 જાન્યુઆરી, 2020ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 'બાળ શક્તિ પુરસ્કાર' અથવા તો 'રાષ્ટ્રીય બાળ શક્તિ પુરસ્કાર' કે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ શક્તિ પુરસ્કાર'થી કેટલા બાળકોને સન્માનિત કરવામાં આવ્યા છે ? – 49

47. ભારતીય તટ રક્ષક દળ દ્વારા તાજેતરમાં ઓખા નજીકના દરિયામાં ઓપરેશન હાથ ધરીને કયા વ્યાપારી ટેન્કર જહાજમાં ફસાયેલા 13 ભારતીયોને બચાવી લેવામાં આવ્યા છે ? – એમ. ટી. રામ
(આ જહાજ બસરાથી ભારતના હજીરા આવી રહ્યું હતું ત્યારે ઓખાથી 210 નોટીકલ માઈલ દૂર તેના મશીન રૂમમાં પાણી ભરાવા લાગતા આ જહાજ ડૂબી રહ્યું હતું.)

48. ભારતમાં કઈ જગ્યાએ તૈનાત સૈનિકોને રૂ. 1.5 લાખની લાઈફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે ? – સિયાચેન (લદાખ)

49. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ઓક્સફર્ડ ડિક્શનરીના 10મા એડિશનમાં આધાર, હડતાલ, ડબ્બા, શાદી, ચાવલ વગેરે જેવા કેટલા ભારતીય શબ્દોનો સમાવેશ થયો છે ? – 26

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

50. વેબ બેઝ્ડ ફ્રી કન્ટેન્ટ એન્સાઈક્લોપીડિયા Wikipediaમાં અંગ્રેજી ભાષાના લેખોની સંખ્યા વધીને કેટલી થઈ ગઈ છે? – 60 લાખ

51. Wikipediaનો પ્રારંભ ક્યારથી થયો હતો ? – 15 જાન્યુઆરી, 2001

52. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 8 પ્રતિબંધિત સંગઠનોના 644 જેટલા ઉગ્રવાદીઓએ આત્મ સમર્પણ કર્યું છે ? – આસામ

53. વર્લ્ડ તીરંદાજી સંઘે (World Archery Federationએ) તાજેતરમાં કયા દેશના તીરંદાજી એસોસિયેશન પરથી વર્ષ 2019માં મૂકેલો પ્રતિબંધ હટાવી લીધો છે ? – ભારત
(ભારતના તીરંદાજી એસોસિયેશનનું નામ Archery Association of India છે.)

54. કયા દેશે સોનાનો વિશ્વનો સૌથી નાનો સિક્કો બનાવ્યો છે ? – સ્વિત્ઝર્લેન્ડ
(2.96 મી.મી. અથવા તો 0.12 ઈંચના આ સિક્કામાં એક બાજુ આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો ફોટો છે. તેને લેન્સની મદદથી જોઈ શકાય છે.)

55. ગુજરાત રક્ષા શક્તિ યુનિવર્સિટીના વિધિવત્ રીતે પ્રથમ કાયમી ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી બિમલ પટેલ
(શ્રી બિમલ પટેલ Gujarat National Law University - GNLUના પૂર્વ ડિરેક્ટર છે.)

56. 'સ્વચ્છ ભારત અભિયાન' માટે લોકોને પ્રોત્સાહિત કરવાની દિશામાં કરેલા પ્રયાસો બદલ વર્ષ 2019ના ચેમ્પિયન્સ ઓફ ચેન્જ એવોર્ડથી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી શિલ્પા શેટ્ટી અને તેમના પતિ શ્રી રાજ કુંદ્રાને

57. મીસિસ ઈન્ડિયા - 2019 એવોર્ડ વિજેતા મહિલાનું નામ શું છે ? – સુશ્રી કવિતાબેન થાનકી
(હાલમાં બેંગાલુરુમાં સ્થાયી થયેલા સુશ્રી કવિતાબેન થાનકી મૂળ પોરબંદરના વતની છે.)

58. ભારતમાં કેન્દ્ર સરકારે દેશની સૌથી જૂની કઈ ખાનગી કંપનીમાં 100 ટકા પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ની મંજૂરી આપી છે ? – ભારતી એરટેલ

59. ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં આપેલા ચુકાદા અનુસાર ગુજરાતમાં હવે કયા BS નોર્મ્સ ધરાવતા ફોર વ્હીલર વાહનોનું રિરજીસ્ટ્રેશન થઈ શકશે નહિ ? – BS-2 અને BS-3
(ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અનુસાર ગુજરાતમાં હવે ફક્ત BS-4 નોર્મ્સના ફોર વ્હીલર વાહનોનું જ રિરજીસ્ટ્રેશન એટલે કે જૂના વેચાયેલા વાહનોનું રજીસ્ટ્રેશન થઈ શકશે.)

60. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર કેન્દ્ર સરકારની રૂ. 100 કરોડની સહાયથી ગુજરાતમાં મેડિકલ ડિવાઈસ પ્રોડક્શન અને બલ્ક ડ્રગ્સના પ્રોડક્શન અર્થે અનુક્રમે કયા બે સ્થળોએ ખાસ પાર્કનું નિર્માણ કરવામાં આવશે ? – રાજકોટ અને અંકલેશ્વર

61. કયા દેશની ક્રિકેટ ટીમ વિદેશમાં 150 ટેસ્ટ મેચ જીતનારી વિશ્વની પ્રથમ ટીમ બની છે ? – ઈંગ્લેન્ડ
(તાજેતરમાં દક્ષિણ આફ્રિકાની ટીમને પરાજય આપીને ઈંગ્લેન્ડે આ સિદ્ધિ મેળવી છે.)

62. ભારતમાં કઈ સેરેમનીથી કેન્દ્રીય બજેટના પ્રિન્ટિંગની શરૂઆત થાય છે ? – હલવા સેરેમની
(તાજેતરમાં કેન્દ્રીય નાણામંત્રી સુશ્રી નિર્મલા સીતારામને હલવો વહેંચીને ભારતમાં 1 ફેબ્રુઆરી, 2020ના રોજ રજૂ થનાર બજેટના પ્રિન્ટિંગનો પ્રારંભ કરાવ્યો હતો.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

A COACHING CLASS
FOR GOVERNMENT JOB

**ગાંધીનગર**
Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006
CALL : 81406-01110 / 81407-01110

**રાજકોટ**
HEAD OFFICE
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT
MO. 93757-01110 / 93280-01110

**જૂનાગઢ**
Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001
CALL : 76985-01110/76986-01110

**અમદાવાદ**
127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009
CALL : 8469501110/8469601110

ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in
JOIN TELEGRAM t.me\icerajkotofficial
YouTube icerajkot
Facebook icerajkot
INSTAGRAM icerajkot